શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



મે – ૨૦૧૭ અંક – ૫ વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૧
માસિક કિંમત–૧૦ વાર્ષિક લવાજમ–૧૦૦/–રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### માતુશ્રીની
### ૧૪મી પૂણ્યતીથીએ શ્રદ્ધાસુમન



**અક્ષરવાસી. મોહનલાલ વલ્લભરામ મિસ્ત્રી**

**અક્ષરવાસી અ.સૌ. ધીરજબેન મોહનલાલ મિસ્ત્રી**
**અક્ષરવાસ : ૨૫.૦૫.૨૦૦૩**

નાનકડો પણ ઉત્તમ શબ્દ 'બા' થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી 'બા' શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
'બા' શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિસ્સાર.
ના જાણું ભકિત કે ધ્યાન, તારૂં રહો 'બા' અનુસંધાન.
ચઉદમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....


**અર્પણકર્તા**

ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
શ્રી મૌલિક મહેશભાઈ મિસ્ત્રી નિપા મૌલિક મિસ્ત્રી
ચિ. રીવાંશી મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
ચિ. ધ્યાન વિસ્મય મિસ્ત્રી
ઘર : એ-૫૪, અંબે ગ્રીન સીટી, સનાતન સ્કૂલની પાસે,
વાલીયા રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
દવાખાનું: જોષીયા ફળીયા, અંકલેશ્વર
ફોન : ૨૪૬૫૧૧, મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી
શ્રી મલય દિનેશ મિસ્ત્રી ભાવના મલય મિસ્ત્રી
ચિ. અક્ષત તથા ચિ. જાનવી
શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી બિન્ની સ્વપ્નીલ પંચોલી
ચિ. ધ્યાની સ્વપ્નીલ પંચોલી
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, હર્ષ પાર્ક, મેઘા ઓટોમોબાઈલ્સ
શો રૂમ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦
અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### ૩૨મી પૂણ્યતિથિએ
### ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ.ભીખાભાઈ ઈશ્વરભાઈ પંચોલી
જન્મ.તા.૦૧/૧૧/૧૯૨૮ અ.વા.તા. ૨૩/૦૫/૧૯૮૫

આજે પણ તમારા સત્કર્મોની સુવાસ ચો તરફ માણી શકાય છે
આજે પણ સમગ્ર પરિવાર તમારી પ્રત્યક્ષ ન હોવાની
ખોટ અનુભવી રહ્યો છે. આજે પણ તમારી દરેક દીકરીઓ
જીવનની દરેક સફળતામાં તમારા આશીર્વાદ પામી
ધન્યતા અનુભવી રહી છે.
'જીવન કેટલું જીવ્યા એ મહત્વનું નથી પરંતુ,
કેવું જીવ્યા, કોના માટે જીવ્યા તે મહત્વનું છે.'
આ વાત તમે તમારા ટૂંકા પરંતુ શ્રેષ્ઠ જીવનકાળ દરમ્યાન
સાબિત કરી બતાવી. તમારા સત્કર્મોરૂપી જયોત,
અમારા કર્મો દ્વારા હંમેશા પ્રજવલિત રહે એજ
મહારાજ સ્વામીના ચરણોમાં અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

પદમા - જયોતિ - માયા - પ્રવિણા
હેમા - ગીતા - સોનલ - અલોકી
તથા સમગ્ર પરિવારજનો....

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

મે-૨૦૧૭

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક રૂા. ૧૦/-**
**વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-**

## તંત્રી નોંધ....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

મઝા.... મઝા.... ભાઇ મઝા..... વેકેશન આવ્યું....ભાઇ વેકેશન આવ્યું....

વિદ્યાર્થી મિત્રો વેકેશન આવ્યું... મન ભરીને વેકેશન માણજો.. વિવિધ પ્રવૃત્તિઓ... કરજો... અને TV અને મોબાઇલથી દૂર રહેજો...સ્વીમીંગ, સાઇકલ રાઇડસ, સ્કેટીંગ, સમર કેમ્પ, ડ્રોઇંગ, અગામી વર્ષ માટેની અભ્યાસની તૈયારીઓ.... અને આપણી જુની રમતો... ગીલ્લીદંડા, સાતતાળી, છપ્પો, આઇસમાઇસ, પકડદાવ, ખો-ખો.. સતોડીયું... લખોટી... વિગેરે જે અદ્રશ્ય થઇ રહેલ રમતો રમજો... જે અનોખો આનંદ આપશે...

વિદ્યાર્થી મિત્રો... રીઝલ્ટમાં જે વિષયમાં આપણે કાચા પડયા હોય તે વિષયમાં વધુ ધ્યાન આપશો અને બની શકે તો એ માટેના કલાસીસ જોઇન્ટ કરશો... તમને થશે આખુ વર્ષ તો ભણ્યા અને આ પાછી વેકેશનમાં ભણવાની જ લપ...પરંતુ આ લપ એ લપ નથી પણ પલ જેવી છે.... એ જતી રહેશે તો પાછી નહીં આવશે... ભણતર એ આપણા જીવનનો પાયો છે... મજબુત હશે તો એ આપણી આખી જિંદગીનો સહારો બની રહેશે....આથી આ બાબત પર જરૂરથી ધ્યાન આપશો...

જમાનો દિવસે દિવસે હાઇટેક થતો જાય છે.. ત્યારે આપણે કેમ હજી ત્યાંના ત્યાં જ રહેવા માંગીએ છીએ.... સમજાતુ નથી ૨૦૨૦માં વાયબન્ટ પંચોલી સમાજના સેવેલા સ્વપ્નો સાકાર કરવા હોય તો સમાજ સાથે તાલ મિલાવીએ... પરંતુ દુઃખની વાત સાથે વડોદરામાં યોજેલ કેરીયર પોગ્રામ તથા વ્યારા પંચોલી સમાજે યોજેલ પરિચય મેળો જ્ઞાતિજનોના સાથ સહકાર ન મળતા રદ કરવા પડયા છે ... આપણા માટે આ સારી વાત નથી.... સૌનો સાથ સૌનો વિકાસ આ રીતે ના થાય ....વિચારો... મહામંડળ પંચોલી સમાજની પ્રગતિ માટે અનેક પ્રયત્નો કરી રહ્યા છે... ત્યારે આપણી પણ ફરજ એમને સાથ આપી એમના પ્રયત્નોને સફળતા અપાવવાની જવાબદારી છે.... તો જ્ઞાતિજનો આ બાબતમાં મનન અને મંથન કરી વિચારવાની જરૂર છે....

# પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

સુિજ્ઞ જ્ઞાતિજનો,

કેટલાક વિદ્યાર્થી મિત્રોની પરીક્ષા પૂર્ણ થઇ વેકેશનના મૂડમાં આવ્યા હશે તો કેટલાક વિદ્યાર્થી મિત્રો પરીક્ષા આપી રહ્યા હશે કે પરીક્ષાની તૈયારીમાં પડયા હશો. વેકેશનનો સહ ઉપયોગ થાય તેવા આયોજન કરવા વિદ્યાર્થી મિત્રોને વિનંતી કરૂ છું.

સુરત મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સીટી સ્મારક નીધી આયોજીત કેરીયર ગાઇડન્સનો કાર્યક્રમ ડો. રેખાબેન એન. મિસ્ત્રી ના નેજા હેઠળ રાખવામાં આવ્યો. સુંદર કાર્યક્રમ પરંતુ જેટલા પ્રમાણમાં વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરી જોઇએ તે હાજરી જોવા ન મળી. શું સમાજના કાર્યકરોની ખામી કે પછી કાર્યકરો ધ્વારા સમાજના હિતમાં આવા કાર્યક્રમો આપવામાં આવે ત્યારે તેનો ઉપયોગ ન કરી તક ન ઝડપતા વાલીઓ કે વિદ્યાર્થીઓનો વાંક. મિત્રો આ અંગે સમાજના દરેક જ્ઞાતિજનો એ ચિંતન કરવાની જરૂરીયાત છે. કાર્યકરો સમાજ માટે પોતાનો સમય, તન મન અને ધન આપે ત્યારે આવા કાર્યકરોનો ઉત્સાહ વધારવાની જગ્યા એ એમને આપણે સહકાર ન આપી શકયે. આવા કાર્યક્રમો આપણા માટે જ છે તો પછી નિષ્કાળજી કેમ ? સુરત અને વડોદરા મુકામે બે ઝોનમાં કેરીયર ગાઇડન્સ નો કાર્યક્રમ રાખવાનું આયોજન હતુ. પરંતુ વડોદરા મુકામે કોઇ સભ્ય સંખ્યા ન થતાં ત્યાંનો કાર્યક્રમ આપણે મોકૂફ રાખ્યો. સીટી સ્મારકના અધ્યક્ષ શ્રી ધવલભાઇ અને મંત્રીશ્રી નિશીકાંતભાઇ ને હાર્દિક અભિનંદન આપુ છું, સાથો-સાથ સુરત મુકામે હાજર રહેલા વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપવા બદલ હું ડો. રેખાબેન એન. મિસ્ત્રીનો પણ હાર્દિક આભાર માનુ છું.

સખેદ જણાવવું પડે છે કે 'યુવા પરીચય મેળા' માટે કરેલ વિવિધ પ્રયત્નો નિષ્ફળ જતા તથા યુવક-યુવતીઓની એન્ટ્રી ન આવતા યુવા પરિચય મેળો રદ કર્યો છે... જે આપણા સૌ માટે શરમજનક વાત છે.... કાર્યકરોની મહેનત, ઉત્સાહ અને સમાજને યોગ્ય દિશામાં આગળ લઇ જવા માટેની તેમની તત્પરતા ને સાર્થક કરવા માટે સૌનો સાથ , સૌનો સહકાર જોઇએ તો જ આ કાર્ય સફળ થશે. સૌ જ્ઞાતિજનો ભેગા મળી સંકલ્પ કરીએ કે આપણે સમાજને યોગ્ય દિશા માં આગળ લઇ જવા માટે સૌ કાર્યકરોને સહકાર આપીએ.

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/- નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ.. જેમણે સ્વર્ણિમ ફંડમાં ૫ વર્ષ માટે રકમ નોંધાવી હોય તેમણે આ વર્ષની રકમ મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જમા કરાવવા વિનંતી. અસ્તુ.

## સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા

**: Email :**
**pancholinavyug@gmail.com**



સ્વ. પ્રવિણચંદ્ર ગોરધનભાઈ પંચોલી
સ્વ. : તા.૪.૪.૨૦૧૬

# પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી

રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી
હરેક પ્રસંગે ખૂબ ખટકશે, ગેરહાજરી તમારી
ખોટ પડી છે પરિવારમાં, હવે કેમ કરી પુરાશે ?
તમારા વગર અમને કોણ માર્ગદર્શન આપશે ?
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ અર્પે
એજ અમારા સૌની પ્રાર્થના...

## અર્પણકર્તા

કુંદનમલ હજારીમલ સુથાર
નિકીતા કુંદનમલ સુથાર
ચિ. તૃષા કુંદનમલ સુથાર

વડોદરા(ઉંમરવા)



સ્વ. મહેશભાઈ ઠાકોરદાસ પંચોલી
જન્મ તા. : ૩૦.૦૮.૧૯૫૪
સ્વર્ગવાસ તા. : ૦૩.૦૫.૨૦૧૪

# તૃતીય પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

આપનો સ્નેહ અને આશિષ અમને મળતા રહ્યાં,
આપના વિચાર અને સિદ્ધાંત અમને માર્ગદર્શન આપતા રહ્યાં,
આપના સ્મરણ માત્રથી સઘળા કાર્ય પાર પડતાં રહ્યાં,
અમારા અંતર મનમાં સદાય આપ જીવિત રહેશો...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

## અર્પણકર્તા

ગં.સ્વ. મંજુલાબેન મહેશભાઈ પંચોલી
ગં.સ્વ. પદમાબેન ઠાકોરદાસ પંચોલી
ચિ. પિયુષ મહેશભાઈ પંચોલી-મો. ૯૮૨૫૯ ૦૮૦૨૫
ચિ. જૈશીલ મહેશભાઈ પંચોલી
શ્રી રાજેશકુમાર પોપટલાલ ગાંધી
શ્રીમતિ નિમીષાબેન રાજેશકુમાર ગાંધી
ચિ. જૈમીન-ચિ. પ્રિયાંશી - ઉધના સુરત

૩૯/૨, અમૃતનગર, હરીનગર-૨ની સામે,
સ્વામિનારાયણ મંદિરની સામેની ગલીમાં, ઉધના-સુરત
મો. ૯૯૨૫૪ ૧૬૮૯૩(ઘર)

# કારકિર્દી એટલે શું ????

ડૉ. રેખાબેન નિશિકાંત મિસ્ત્રી-સુરત

ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાઓ પતે તે પહેલાથી જ વાલીઓ ચિંતિત થઇ જાય છે. કે હવે શું ભણાવવાનું ? કે શું કરાવવાનું? એ આખા કુટુંબનો પ્રાણ પ્રશ્ન પણ બની જાય છે. શું ભણવાથી સારી નોકરી મળે, અને જિંદગીનાં સુખ નામના પ્રદેશમાં ઠરી ઠામ થવાય. તો મિત્રો, પ્રશ્ન અને ચિંતા વ્યાજબી જ છે. કેમકે કારકિર્દી - જે તે ભણતર દ્વારા જે તે નોકરી વ્યવસાયમાં જોડાઇ જીવન નિર્વાહ માટે કમાવવાનું સાધન અને એનાં દ્વારા જ સમાજમાં કંઇકને કંઇ પ્રદાન કરતાં હોઇએ છીએ. કારકિર્દીનો પથ વન-વે છે. એમાં એકવાર પ્રવેશ લીધા પછી પાછા ફરી વળાતુ નથી. માટે ધો. ૧૦ પછી શું નો વિચાર કરી નિર્ણય લેવો એ જરૂરી બને છે. ૧૦+૨+૩/૪ + ૨ના અભિપ્રાય વિષે આગળથી હજારવાર વિચાર આવે. માટે જ સાત વર્ષ પછી કયા વર્ષ પછી કયા વ્યવસાયમાં / નોકરીનો વિચાર કરવાથી ધો. ૧૦ પછી શું નો જવાબ મેળવવાની કોશિષ કરવાની.

જે તે ક્ષેત્રનાં વ્યવસાય માટે જ 'સ્વ'ની જાણકારી હોવી જરૂરી છે. તમારી (૧) ક્ષમતાઓ (૨) તમારી પ્રર્શનાલીટીની કવોલીટી (૩) તમારી નબળાઇઓની જાણકારી હોવી જરૂરી છે. સાથે જ (૪) તમારા રસ-રૂચીની જાણકારી હોવી જરૂરી છે. સાથે (૫) તમારી કૌટુંમ્બિક, સામાજિક-આર્થિક પરિસ્થિતિ (૬) જવાબદારી જેવા અસરકારક પરિબળોનું જ્ઞાન, સમજણ હોવા જરૂરી છે. એથી પણ વિશેષ ધો. ૧૦ પછી ૧૨ પછી ઉચ્ચ શિક્ષણ મેળવતાની જોડે નોકરી માટેની લાયકાત માટેની કુશળતાઓ વિકસાવવી જરૂરી બને છે.

કારકિર્દીના પંથે કોઇ પણ ક્ષેત્ર-ભણવા માટે નકકી કરો ત્યારે 4D યાદ રાખવા જરૂરી છે...

D - DESIRE
D - DESTINATION
D - DEDICATION
D - DISCIPLINE

આમ, માત્ર ધો. ૧૦ ની કે ધો. ૧૨ની માત્ર માર્કસીટનાં આધારે જ ઉચ્ચ શિક્ષણ નકકી ન કરતાં તમારી ક્ષમતાઓને પીછાણી, મજબૂત ક્ષમતાઓનાં ક્ષેત્રે આગળ વધી ઉજ્જવળ કારકિર્દી બનાવી શકાય છે.....સૌને ખૂબ ખૂબ અભિનંદન...

# જાગો વાલીઓ....જાગો...

ડૉ. મહેશ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલી અને તેની ટીમના સભ્યો પંચોલી સમાજની પ્રગતિ માટે વિવિધ પોગ્રામનું આયોજન કરી રહ્યા છે, પણ તેમાં જોઇએ એવી સફળા મળતી નથી... કારણ શું ? ? ? ખરેખર સૌના માટે આત્મ ચિંતનનો વિષય છે સમાજમાં નિષ્ક્રિયતા કેમ છે ?? કેમ કોઇ જ્ઞાતિજનમાં ઉત્સાહ નથી...?

હાલમાં સી.ટી.સ્મારક નિધિ આયોજીત કેરીયર ગાઇડન્સ પોગ્રામ જે સુરત ખાતે યોજાયો હતો તેને આંસિક સફળતા મળી. આયોજકોએ વિદ્યાર્થીઓને સુરત સુધી આવવું ન પડે તે માટે વડોદરા અને પાલ-વિભાગના યુવાનો માટે, આયોજનનો વધુ ખર્ચ થાય વધુ મહેનત કરવી પડે છતાં વડોદરા મુકામે આયોજન કર્યુ. પણ એક પણ એન્ટ્રી ન આવી.

હવે શંકા જાય છે કે જ્ઞાતિજનો, માતા-પિતા.. યુવાનો નવયુગ વાંચે છે કે નહીં ???? શું તમને ખબર હતી કે આવો કેરીઅર ગાઇડન્સનો સુંદર પોગ્રામ વડોદરામાં યોજાયો હતો.

એજ રીતે મહામંડળ અને વ્યારા એકમના પ્રયાસથી અપરણિતોના પસંદગી મેળાનું આયોજન થયું... બે મહિના ના નવયુગમાં ફોર્મ સાથેની માહિતી આપવામાં આવી હતી. છતાં પણ એન્ટ્રી ખૂબ જ ઓછી આવી... કારણ શું.... ?

ઉંમર લાયક ગયેલા યુવાનોના માત-પિતાને પણ આ માહિતીની ખબર છે ખરી ? આવા પોગ્રામોની માહિતી આપના એકમના પ્રમુખશ્રી/મંત્રીશ્રી જ્ઞાતિજનોને આપે છે ખરાં ? જો ખબર હોય તો પોતાના યુવાન પુત્ર-પુત્રીઓ સાથે બેસીને ફોર્મ ભરવા સમજાવવાની તેમની ફરજ છે. આજના જમાનામાં જીવનસાથી પસંદગીનો સવાલ ખૂબ જ ગંભીર છે. અંદરો અંદર તપાસ કરવાથી ઘણાં યોગ્ય પાત્ર તમારી જાણ બહાર રહી જાય છે. સમય અને પૈસાનો વ્યય થાય છે. હવે યુવક યુવતીઓને પણ યોગ્ય જીવનસાથી મળવાનું તકલીફ ભર્યુ બનતું જાય છે.

જ્ઞાતિજનોને મારી નમ્ર વિનંતી છે કે પંચોલી નવયુગ વાંચો.. ઘરના સભ્યોને વંચાવો... મહિલા મંડળની મિટિંગમાં આવા પોગ્રામ અંગે ચર્ચા કરો... અને આવા પોગ્રામ યોજાય ત્યારે ઉત્સાહભેર ભાગ લો...

આ બન્ને પોગ્રામ કેન્સલ કરવાથી આયોજકોનો ઉત્સાહ ભંગ થાય છે. તમો પણ આ બાબતનો ખ્યાલ રાખો..

અસ્તુ.......

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** સંચાલિત

સ્થાપના વર્ષ-૧૯૭૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

# સ્વ. સી.ટી.સ્મારક નિધિ

સ્વ. સી.ટી.સ્મારક નિધિ દ્વારા આયોજિત 'કેરીયર ગાઇડન્સ' પ્રોગ્રામ તા. ૦૯.૦૪.૨૦૧૭ને રવિવારના રોજ નર્મદ લાયબ્રેરી ઘોડદોડ રોડ, સુરત મુકામે વાતાનુકુલિત હોલમાં ધો. ૯ થી ધો. ૧૨ ના ૨૮ વિદ્યાર્થી મિત્રો, જે બીલીમોરા, નવસારી તથા સુરતનાંઅને તેમની સાથે આવેલ તેમના વાલીઓના સથવારે સરસ્વતીમાતાની પ્રાર્થનાથી સ્વ. સી.ટી.સ્મારક નિધિના અધ્યક્ષ શ્રી ધવલભાઇ પંચોલી દ્વારા કરવામાં આવી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલી દ્વારા મોકલેલ શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવ્યો. એલ.સી. સોશ્યલ ગૃપના પ્રમુખ અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીનું સ્વ. સી.ટી.સ્મારક નિધિના મંત્રીશ્રી નિશિકાંતભાઇ મિસ્ત્રીએ તથા મુખ્ય વકતા ડો. રેખાબેન મિસ્ત્રીનું શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મહિલા સંગઠનના કો ઓર્ડિનેટર શ્રીમતિ શોભાબેન મિસ્ત્રીએ કર્યુ હતું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના યુવા સંગઠનના અધ્યક્ષા તથા સ્વયમ્ સુરતનાં અધ્યક્ષા મૃદૃતા મિસ્ત્રી-પંચોલી દ્વારા ડો. રેખાબેન મિસ્ત્રીનો ટુંકમાં પરિચય આપવામાં આવ્યો.

ડો. રેખાબેન મિસ્ત્રીએ પાવર પોઇન્ટ પ્રેજન્ટેશનથી

- ❖ ધોરણ ૧૦-૧૨ પછી શું ?
- ❖ કારકીર્દી એટલે શું ?
- ❖ સફળ કાકીર્દીનાં પરીબળો
- ❖ કારકીર્દીમાં વાલીનો ફાળો

ચાર અલગ વિષયને સાંકળીને એમના શૈક્ષણિક અને કાઉન્સેલીંગના અનુભવથી માહિતી અને માર્ગદર્શનનો રસથાળ આપ્યો હતો.

ત્યારબાદ યુવા બ્રિગેડીયરો, જેમણે તેમની વ્યવસાયિક કારકીર્દી થોડા વર્ષો પહેલા શરૂ કરી તેવા

શ્રી પ્રતિક પંચોલી-ઓટોમોબાઇલ એન્જીનિયર

શ્રી તેજસ પંચોલી-ફાર્માસીસ્ટ

શ્રી સાગર પંચોલી-ઇલેકટ્રીક એન્જીનિયર

શ્રી દિપેશ મિસ્ત્રી- કંપની સેક્રેટરી સી.એસ.

એમણે અભ્યાસ દરમ્યાન, એડમીશન લેતી વખતે નોકરી ધંધામાં જોડાતી વખતે વિકસાવવી પડતી કળા કૌશલ્ય તથા જરૂરીઆત વિશે વાર્તાલાપ દ્વારા પોતાના અનુભવો જણાવ્યા

ત્યારબાદ વિદ્યાર્થી-વાલીઓ તરફથી સવાલ-જવાબ અને વિવિધ પ્રશ્નો પૂછતાં તેમની જાણકારી આપવામાં આવી હતી.

એલ.સી. સોશ્યલ ગ્રુપના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી તરફથી આ કાર્યક્રમ માટે રૂા. ૫,૦૦૦/-નું દાન આપવામાં આવ્યું હતું.

ડો. રેખાબેન મિસ્ત્રી સુરત ખાતે ૨૦૦૪થી તેમના કાઉન્સેલીંગ સેન્ટરમાં એપ્ટીટયુડ ટેસ્ટમાં જ્ઞાતિજનના વિદ્યાર્થીને ફીમાં ૨૦% રાહત ડો. રેખાબેન મિસ્ત્રી તરફથી આપવામાં આવશે અને બાકી રહેલ ફીમાંથી ૫૦% એલ.સી.સોશ્યલ ગ્રુપ + ૨૫% રૂા. ૧૨૫ ફીમાં વિદ્યાર્થી એપ્ટીટયુડ ટેસ્ટ આપી વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા વિદ્યાર્થી પોતાના માટેની યોગ્ય કારકીર્દી નકકી કરી જાણી અને બનાવી શકશે.

કાર્યક્રમની આભારવિધિ સ્વ. સી.ટી.સ્મારક નિધિના મંત્રીશ્રી નિશિકાંતભાઇ મિસ્ત્રીએ કરી અને ત્યારબાદ મુખ્ય વકતા, એલ.સી. સોશ્યલ ગ્રુપના પ્રમુખશ્રી તથા આવેલ વકતાઓનું બહુમાન કરવામાં આવ્યું.

સમૂહમાં રાષ્ટ્રગીત ગાઇને આવેલ દરેક જ્ઞાતિજનોને ફુડ પેકેટ તથા કોલ્ડ્રીંકસ આપવામાં આવ્યા. આમ બપોરે ૧૨.૦૦ કલાકે કાર્યક્રમ સફળતાપૂર્વ પૂર્ણ થયો હતો.

તા. ૨૦.૦૪.૨૦૧૭ના રોજ વિદ્યાર્થીઓએ એપ્ટીટયુડ ટેસ્ટ આપી હતી.

સ્વ. સી.ટી.સ્મારક નિધિ દ્વારા આયોજિત 'કેરીયર ગાઇડન્સ' પ્રોગ્રામ વડોદરા મુકામે તા. ૨૩.૦૪.૨૦૧૭ને રવિવારના રોજ રાખેલ પરંતુ રજીસ્ટ્રેશન ના આવતા રદ કરેલ છે...

નિશિકાંત મિસ્ત્રી

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી
## વર્ષ ૨૦૧૬-૧૭

**ઉપરોકત ટ્રસ્ટ માટે મુ. સ્વ. છગનલાલ ઘેલાભાઈ મિસ્ત્રી એ રૂા. ૫,૫૫,૫૫૫નું દાન આપી પ્રસ્થાપિત કરેલ છે.**



'સમાજરત્ન'
સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રી-મુંબઈ



સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રી-મુંબઈ

## ઉદ્દેશ્ય

(૧) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ મુળ ભંડોળ (કોપર્સ ફંડ) માં રીઝર્વ તરીકે જમા કરાવવી.

(૨) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. બેન ગજરાબેન ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ વિકલાંગોને અથવા જરૂરીઆતમંદ વ્યકિતઓને વૈદકિય સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૩) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના પિતાશ્રી ઘેલાભાઇ જગજીવનદાસ અને માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ (નિરાધાર) વ્યકિતઓને આર્થિક સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૪) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. છગનભાઇ ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૫) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના ધર્મપત્નિ સ્વ. લીલાવતીબેન છગનભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિની ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૬) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ આ ટ્રસ્ટના વહીવટી ખર્ચ અંગે વાપરવી.

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી

## વર્ષ ૨૦૧૬-૧૭

### અરજીપત્ર

અરજદારનું નામ : ..........................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ......................................................................

સંપૂર્ણ સરનામું : ..........................................................................................

......................................................................................................................

............................................................ જીલ્લો : .............. રાજય : ................

પીનકોડ : .......................... ફોન : .................................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :.............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ..................................................................

......................................................................................................................

કુટુંબમાં કમારનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ..........................

(૨) .............................. માસિક આવક ..........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન .................. (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : ..........................................................................................

સ્થળ : ....................................... સાક્ષીની સહી : ..........................................

### ભલામણપત્ર

શ્રી/શ્રીમતી...................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**

મુકેશ પરમાનંદ પંચોલી :- ૨૦૮-સી, જય એપાર્ટમેન્ટ ૩૨ નહેરુરોડ, શાંતાક્રુઝ(પૂર્વ) મુંબઈ-૪૦૦ ૦૫૫
ફોન : ૨૬૧૪૨૨૫૯ મો. : ૦૯૮૨૧૨ ૨૧૮૫૧

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી 30 જુન પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

નવયુગ શુભેચ્છક શ્રી દિનેશભાઈ જમનાદાસ મિસ્ત્રી નવસારી શ્રી દિપકભાઈ મગનલાલ પંચોલી બિલીમોરા

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ
# રામનવમી ઉત્સવ

તા. ૦૪.૦૪.૨૦૧૭ના શુભ દિને વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા નવચંડી યજ્ઞ સમારોહ, વાર્ષિક સામાન્ય સભા તથા સમૂહ ભોજન શ્રી સુર્યનારાયણની વાડીના એ.સી. હોલમાં ઉજવવામાં આવી. આજરોજ પ્રસંગના અધ્યક્ષા શ્રીમતિ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી તથા અધ્યક્ષ સ્થાને સમાજનાં માજી પ્રમુખ શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી બિરાજમાન હતાં. નવચંડી યજ્ઞપૂજન વિધિ નીચેના પાંચ યુગલનાં વરદ હસ્તે સંપન્ન થયો હતો.

(૧) શ્રીમતિ રેશ્મા અને કુંતલ પ્રફુલભાઇ પંચોલી-માહિમ

(૨) શ્રીમતિ કરિશ્મા અને ધવલ કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ (૩) શ્રીમતિ રેશ્મા અને શ્રી કલ્પેશ શાંતિલાલ પંચોલી-અંધેરી (૪) શ્રીમતિ ઇલા અને શ્રી રશ્મિન ભગવાનદાસ મિસ્ત્રી-પાર્લા (૫) શ્રીમતિ ખ્યાતિ અને શ્રી નિલેશ ગણપતરામ મિસ્ત્રી-દહીંસર બપોરે ૪.૦૦ કલાકે નવચંડી યજ્ઞની પૂણાહૂતી કરાઇ હતી. અને માતાજીની આરતી અને આરાધના બાદ હાજર સભ્યોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સવારે ફાસ્ટીંગ સુગર અને રેન્ડમ સુગરનું આયોજન કર્યુ હોવાથી તમામ માટે ગરમાગરમ ચાહ-કૉફી, બિસ્કીટ(પારલે-જી) તથા સ્વાદિષ્ટ ઉપમાનો અલ્પાહાર રાખવામાં આવ્યો હતો. બપોરે તમામ હાજર સભ્યો માટે ગરમાગરમ ચહા-કૉફીનું આયોજન કરાયું હતું.

આજ દિવસે સવારે શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ અને તેની લગ્ન સંસ્થા શ્રી પંચોલી ભગીની સમાજ અને યુવામંચ આવિષ્કાર ગૃપ મુંબઇના સથવારે સવારે ૮.૦૦ કલાકે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડ પ્રેસર, ફાસ્ટીંગ સુગર, રેન્ડમ બ્લડ સુગર, લેપીડ પ્રોફાઇલ, સી.બી.સી., ઇ.સી.જી જેવા વિવિધ ટેસ્ટ ડૉ. ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મઝગાંવ થકી વોકહાર્ટ હોસ્પિટલના સૌજન્યથી તેમજ સંચાલક દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. ભાવના સંદિપ મિસ્ત્રી દ્વારા એક હોમીયોપેથિક કેમ્પનું આયોજન કરાયું હતું. ડૉ. કાજોલ યોગેશ પંચોલી-અંધેરી દ્વારા ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરાયું હતું. શ્રી મુકેશભાઇ પરમાનંદ પંચોલી તેમની લાયન્સ કલબ ઑફ સાન્તાક્રુઝની ટીમ દ્વારા એકયુપ્રેશર અને સુઝોક થેરાપી કેમ્પનું આયોજન કરાયું હતું. મેડીકલ કેમ્પમાં કુલ ૮૦ સભ્યોએ વિવિધ મેડીકલ ટેસ્ટ કરાવ્યા હતાં. સર્વે આયોજકો અને સંચાલકોને પુષ્પગુચ્છ આપી અભિનંદન આપ્યા. આ કાર્યક્રમના અધ્યક્ષા શ્રીમતિ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી-તારદેવ હતાં. અને તેઓએ અધ્યક્ષ સ્થાનેતી શ્રી પંચોલી ભગીની સમાજને રૂા. ૧,૫૦૦/- ની ભેટ આપી હતી. બપોરે ૧૧.૦૦ કલાકે ઉપસ્થિત ૧૮૦ સભ્યોએ સ્વરૂચી ફરાળી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી મંત્રીશ્રી પરાગભાઇ નવિનચંદ્ર મિસ્ત્રીએ સાંજે ૫.૦૦ કલાકે લગભગ ૧૧૫ સભ્યોની હાજરીમાં સામાન્ય સભાની શરૂઆત કરી. પ્રથમ પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, આજની સભાના અધ્યશ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીને આમંત્રિત કર્યા. ત્યારબાદ ઉ.પ્રમુખ શ્રી વિશાલભાઇ કમલભાઇ કાપડિયા, ભગીની સમાન મુંબઇના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી, યુવા મંચ આવિષ્કાર ગૃપના પ્રમુખ શ્રી નકુલ ભાવિકકુમાર કાપડિયા, ખજાનચી શ્રી કુંતલ પ્રફુલ્લભાઇ પંચોલી અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ઓડિટર શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલીને મંચ ઉપર આમંત્રિત કરી તેઓનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી.

સૌ પ્રથમ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન દિવંગત થયેલ સભ્યોને શ્રદ્ધાજલી આપવામાં આવી. જેમાં સમાજના સક્રિય કાર્યકર્તામાના એક સ્વ. ચુનીલાલ છગનલાલ પંચોલી, ગં.સ્વ. શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી-અંકલેશ્વર, સ્વ. હરીશભાઇ જેકીશનદાસ મિસ્ત્રી-કાંદીવલી, સ્વ. રાજેન્દ્રભાઇ નાથાલાલ મિસ્ત્રી-અંકલેશ્વર, ગં.સ્વ. ઇન્દુમતિબેન સોમાભાઇ મહેતા-કાંદિવલી, સ્વ. સુરેશભાઇ ચુનીલાલ મિસ્ત્રી-અંધેરી, સ્વ. જયંતભાઇ રણછોડજી મહેતા-કાંદિવલીને હાજર રહેલ સભ્યોએ પોતાના સ્થાન પર ઉભા થઇ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. ત્યારબાદ જન, ગણ, મન, રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ અધ્યક્ષ સ્થાને બિરાજમાન શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીનું સ્વાગત કરી એમનો ટુંક પરિચય આપ્યો. પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ અધ્યક્ષ શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. સામાન્ય સભામાં

હાજર રહેલ તમામનું સ્વાગત કર્યુ અને તેઓના સંદેશા સભાને જણાવ્યા હતાં. અધ્યક્ષશ્રી ભરતભાઇએ સૌનો આભાર વ્યકત કરી અભિનંદન તથા આશિષ વચનો આપી આજના શુભ પ્રસંગે રૂા. ૫,૦૦૧/-ની ભેટ આપી હતી.

સહમંત્રીશ્રી કમલભાઇ ઇશ્વરભાઇ મિસ્ત્રી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તેમજ તેની સંલગ્ન સંસ્થા શ્રી પંચોલી ભગીની સમાજ, અને યુવા મંચ આવિષ્કાર ગૃપ મુંબઇ દ્વારા કરાયેલા તમામ કાર્યક્રમની ટુંકમાં રૂપરેખા રજુ કરી હતી.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ વર્ષ ૨૦૧૫-૧૬ની સામાન્ય સભાની મિનિટસ્નું વાંચન કર્યુ હતું.

ખજાનચી શ્રી કુંતલભાઇ પ્રફુલભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૬-૧૭નો આવક-જાવકનો હિસાબ અને સરવૈયું રજુ કર્યા હતાં. જેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

ખજાનચી શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલીએ 'લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટનો આવક-જાવકનો હિસાબ, અહેવાલ અને સરવૈયુ રજુ કર્યુ હતું. જેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇનો વર્ષ ૨૦૧૬-૧૭નો આવક-જાવકના હિસાબો અને સરવૈયુ શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રીએ રજુ કર્યુ તેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

યુવા મંચ આવિષ્કાર ગૃપ-મુંબઇનો ૨૦૧૬-૧૭નો વાર્ષિક હિસાબ તથા સરવૈયુ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રીએ રજુ કર્યુ અને તેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

શ્રી કિરણભાઇ મણિલાલ પંચોલી દ્વારા તેમનાં માતુશ્રી અને પિતાશ્રીના સ્મરણાર્થે અપાયેલા માતબર દાન રૂા. ૧,૧૧,૧૧૧/-ના વ્યાજમાંથી ૨૦% વપરાશની રકમનો ઉપયોગ જે તે વખતની ભેટ તરીકે આપવો જેમાં પ્રમુખશ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યકત કરી અભિનંદન આપી તેઓને ભેટ આપી હતી.

(૬) વર્ષ ૨૦૧૬-૧૭ સુધીનાં શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની સામાન્ય સભામાં પાસ થયેલા અગત્યનાં ઠરાવો તેમજ બીજા અન્ય મુદ્દાઓ બંધારણમાં ઉમેરો કરવા બાબત રજુઆત : જેની રજુઆત મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ કરી હતી અને જેમાં સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોનાં મંતવ્યો તેમજ ઉગ્ર ચર્ચા વિરણા બાદ બંધારણનાં તમમામ સુધારા વધારા અગામી વર્ષમાં ફરીથી અભ્યાસ પૂર્ણ કરી અગામી સામાન્ય સભામાં રજુ કરવા એવા નિર્ણયો લેવાયા હતાં.

(૭) વિધવા સહાય માટેની રકમ જે શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ થકી રૂા. ૩,૭૫૦/- તેમજ એક ગૃહસ્થ તરફથી રૂા. ૭૫૦/- દરેક વિધવાઓની અરજીને અને બીજા એક ગૃહસ્થ શ્રીમાન કૌશલભાઇ પ્રમોદભાઇ મિસ્ત્રી ગોરેગાંવ તરફથી દરેક વિધવા અરજીઓ તરફથી દરેક વિધવા અરજીઓને રૂા. ૧,૦૦૦/- આમ દરેક વિધવા અરજીઓને રૂા. ૫,૫૦૦/- આપવામાં આવ્યા હતા. એ પછી વર્ષ દરમ્યાન અપાતી નોઠબુક વિતરણ અને રોકડ વિતરણ અંગેની માહિતી તેમજ તારીખ સભ્યોને જાણ કરાય હતી. આ કાર્યક્રમ શ્રી નવિનભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીની ઓફિસ 'હિરા કેમીકલ્સ' ચોળદેવળ-મુંબઇ મુકામે તા. ૧૧.૦૬.૨૦૧૭ અનુ તા. ૨૦.૦૬.૨૦૧૭ બન્ને રવિવારના દિવસે સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી આપવામાં આવશે તેની જાણ સભાને કરવામાં આવી.

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇના વર્ષ ૨૦૧૭-૧૮નાં નવા પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી હતી. જેમાં શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇના નવા પ્રમકુખ તરીકે શ્રીમતિ અનુરાધા ચેતનભાઇ કાપડિયા-મીરારોડની વરણી કરવામાં આવી હતી. તેઓએ સ્વેચ્છાએ દ્રમુખપદ સ્વીકાર્યુ હતું. યુવા મંચ આવિષ્કાર ગંપના વર્ષ ૨૦૧૭-૧૮નાં નવા પ્રમુખ તરીકે અગામી વર્ષ માટે શ્રી નકુલ ભાવિકકુમાર કાપડિયા-મીરારોડના નામની વરણસી કરવામાં આવી હતી. તેઓએ અગામી વર્ષની યોજનાઓની તથા કાર્યક્રમની રૂપરેખા આપી હતી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના નવા પ્રમુખ તરીકેની રજુઆત શ્રી ભરતભાઇ મિસ્ત્રી દ્વારા કરવામા આવી જેમાં તેઓએ યુવા પેઢીની ચર્ચા કરી તેમજ યુથ પેઢીનો ઉત્સાહ, આનંદ અને કાર્ય પદ્ધિતિની જાણકારી દર્શાવતા તેઓને અભિનંદન આપ્યા હતાં. અને અગામી વર્ષોમાં નવા યુથ તેમજ ઉત્સાહીત કાર્યકર્તાઓ સમાજની તમામ કાર્યવાહી સંભાળે એવી વિચારધારા જણાવી હતી. અગામી વર્ષના પ્રમુખપદ માટે શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીના નામની જાહેરાત કરવામાં આવી અને શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ સ્વેચ્છાએ પ્રમુખપદ

સ્વીકાર્યુ હતું અને સામાન્ય સભામાં હાજર રહેલ તમામનો આભાર વ્યકત કર્યો હતો. નવિનભાઇ મિસ્ત્રીએ નવા વરાયેલા પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રીનું પુષ્પગુચ્છ આપી અભિનંદન તથા શુભેચ્છાઓ આપી હતી. પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રી દ્વારા અગામી વર્ષ માટે ઉ.પ્રમુખ તરીકે શ્રી વિશાલ કાપડિયા અને બીજા ઉ.પ્રમુખ શ્રી વિશાલ કાપડિયા અને બીજા ઉ.પ્રમુખ તરીકે શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રીના નામની જાહેરાત થઇ હતી.

ત્રીશ્રી પરાગભાઇ નવીનચંદ્ર મિસ્ત્રીએ આજના રામનવમી નવચંડી યજ્ઞમાં બેસનાર યુગલોના, આજરોજના અધ્યક્ષશ્રી ભરતભાઇ મિસ્ત્રી અને અધ્યક્ષા શ્રીમતિ ભારતીબેનનાં, સામાન્ય સભામાં હાજરી આપવા બદલ તેમજ અગત્યના મુદાઓ પર ચર્ચા-વિચારણા અને મંજુરી દર્શાવવા બદલ તમામ સામાન્ય સભ્યોનાં અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને યુવા મંચ આવિષ્કાર ગૃપ અને શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇના તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યકત કર્યો હતો. સર્વે જ્ઞાતિજવનોને સ્વાદિષ્ટ રાત્રી ભોજન સમારંભ જવા માટે પરવાનગી આપવામાં આવી. અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની સામાન્ય સભા બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી.

આજના પ્રસંગે મળેલ દાન
૫૦૦૦ શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી- તારદેવ અધ્યક્ષસ્થાનેથી
૫૦૧ શ્રી હરેશભાઇ નરોત્તમભાઇ મિસ્ત્રી-કાંદિવલી ગૃહપ્રવેશ નિમિત્તે.
૧૫૦૦ શ્રી કલ્પેશ શાંતિલાલ પંચોલી-અંધેરી(મહેમાન ફી)
૯૦૦ શ્રી કિશોરભાઇ નારણદાસ મિસ્ત્રી-બીલીમોરા મહેમાન ફી
૧૧૧ શ્રી રમેશભાઇ ઉત્તમરામ મિસ્ત્રી-મીરારોડ વર્ષગાંઠ નિમિત્તે
૫૦૩ શ્રીમતિ નયનાબેન નરેન્દ્રભાઇ મિસ્ત્રી-બીલીમોરા પૌત્ર જન્મની ખુશાલીમાં
હવન પ્રસંગે
૧૫૦૦ શ્રી કલ્પેશ શાંતિલાલ પંચોલી-અંધેરી
૧૫૦૦ શ્રી કુંતલ પ્રફુલ્લભાઇ પંચોલી-માહિમ(મહેમાન ફી)
૧૦૦૧ શ્રી નિલેશકુમાર ગણપતરામ મિસ્ત્રી-દહિંસર
૧૧૧૧ શ્રી ધવલ કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ
નિભાવફંડ
૨૨૨૨ શ્રી દિપક નગીનલાલ મહેતા-ખેતાચીવાડી
૨૩૦૦ શ્રી ચંદ્રવદન નગીનલાલ મહેતા-મુંબઇ
૧૫૮૯ શ્રી વિજય પરમાનંદભાઇ પંચોલી-ડુંગરી
૨૧૪૦ શ્રી સિદ્ધાર્થ વિજયભાઇ પંચોલી-ડુંગરી
૨૨૨૨ શ્રી રશ્મિન ભગવાનદાસ મિસ્ત્રી-પાર્લા
૨૦૧૭ શ્રી સમિત રશ્મિન મિસ્ત્રી-પાર્લા
૪૪૪૪ શ્રી રાજેન્દ્ર જેકીશનદાસ મિસ્ત્રી-સુરત
૧૮૨૨ શ્રી ભરતભાઇ રમણલાલ પંચોલી-સુરત
૧૧૧૧ શ્રી દિપકભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ
૨૨૨૨ શ્રી મુકેશ બળવંતરાય મિસ્ત્રી-કાંદિવલી
૨૨૦૦ શ્રી નરેન્દ્ર ભગવાનદાસ મિસ્ત્રી-બીલીમોરા
૨૨૨૨ શ્રી નિલેશ ગણપતરામ મિસ્ત્રી-દહીંસર
૨૧૬૫ શ્રી હરેશ હીરાલાલ પંચોલી-મલાડ
૨૨૨૨ શ્રી પ્રતિક હરીશભાઇ મિસ્ત્રી-સી.પી.ટેન્ક
૧૧૧૧ શ્રી ધવલ કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ
રામનવમી પ્રસંગે
૧૦૧ શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી-ગોળદેવળ
૧૦૦૧ શ્રી રશ્મિન ભગવાનદાસ મિસ્ત્રી-પાર્લા
૧૧૧ શ્રી રમણલાલ જે. પંચોલી-વલસાડ/ગણદેવી
૩૦૧ શ્રી પ્રવિણચંદ્ર ગીરધરલાલ પંચોલી-મુંબઇ
૨૫૧ શ્રી રાજેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-ગોળદેવળ
૨૦૦૧ શ્રી કિરણબેન પ્રિયવદન મિસ્ત્રી-જોગેશ્વરી
૫૦૦ શ્રી જયંતિભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-અંધેરી
આજીવન સભ્ય ફી
૨૫૧ શ્રીમતિ રેશ્મા કુંતલ પંચોલી
૨૫૧ શ્રીમતિ રોશની ડેનિશ પંચોલી-વસઇ

## વડોદરાનું ગૌરવ



કુ. કાનન ડિંમ્પલ પંચોલીએ નીચે મંજબની સિદ્ધિઓ હાંસલ કરી છે....
યુનાઇટેડ વે વડોદરા તરફથી યોજાયેલ પોસ્ટર મેકીંગ કોમ્પીટીશનમાં દ્વિતીય ક્રમે... બ્રાઇટ ડે સ્કૂલમાં યોજેલ હરિફાઇમાં સાયન્સ ફેરમાં પ્રથમ નંબર તથા ફોટોગ્રાફી સ્પર્ધા ૨૦૧૬-૧૭માં ગૌરવશાળી ઇનામો જીત્યા છે તે નીચે મુજબ છે.. સોલાર સીસ્ટમ, પોલીશ ઇન પીકસલ,ફોટો ેકટ રોટરેકટ કલામાં... ઉપરોક્ત સિદ્ધિઓ હાંસલ કરી પંચોલી સમાજ વડોદરા અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે... તેઓને હાર્દિક અભિનંદન....

# નિલીમા અને બબલુ

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી-અમદાવાદ

-નીલિમા એ નીલિમા, ચાલ ઊઠ બેટા, સવાર થઇ ગઈ.
નીલિમાની મમ્મીએ નીલિમાને માથે હાથ પસવારતા વહાલથી એને ઊઠાડી. નીલિમા લાડ કરતા મમ્મીને વળગી પડી.
-ચાલ બેટા, બ્રશ કરી લે, તારૂં બોર્નવીટા તૈયાર છે.
નીલિમા ઊઠી, બ્રશ કરીને ડાઈનીંગ ટેબલ પરથી દૂધનો ગ્લાસ લઇ બહાર ઓટલા પર ની બેઠક પર બેસીને દૂધ પીવા માંડી. ત્યાં  જ એની નજર ઘરના બગીચામાં ફૂલ છોડ પર ઉડતા રંગબેરંગી પતંગીયા ની પાછળ એને પકડવા દોડતા એક છોકરા પર પડી.
પતંગીયું એક ફૂલ પર બેઠું, અને છોકરાએ જેવો એને પકડવા હાથ લંબાવ્યો કે નીલિમા મોટેથી બોલી:
-એય, મારા પતંગિયા ને પકડવાનું નથી.
કહેતી દૂધનો ગ્લાસ ત્યાં જ મુકીને નીલિમા દોડીને પેલા છોકરા પાસે પહોચી ગઈ. છોકરો તો ડર્યા વગર ઊભો રહ્યો.
-કોણ છે તું? અહીં કેમ આવ્યો છે? નીલિમાએ એને પૂછ્યું.
છોકરાએ જાણે કશું સાભળ્યું જ નથી એમ એ  ફરી પતંગીયું પકડવા દોડ્યો. હવે નીલિમાને ગુસ્સો આવ્યો, એણે ખુબ મોટેથી બુમ પાડી,
-કેમ સાંભળતો નથી, કહ્યું ને કે મારા પતંગિયા ને પકડવાનું નથી.
નીલિમાની બુમ સાંભળીને ઘરમાંથી એના પપ્પા રોમેશભાઈ બહાર આવ્યા.
-નીલુ બેટા, શું થયું? કેમ બુમો પાડે છે?
પપ્પા,મે ના પાડી છતાં આ છોકરો પતંગિયાને પકડે છે.
-કોણ છે છોકરા તું? અહી કેમ આવ્યો છે? રોમેશભાઈએ છોકરાને પૂછ્યું.
હવે છોકરો ઘભરાયો. બે ચાર  ડગલા પાછળ હટ્યો. અવાજ સાભળીને ઘરની પાછળની ઓરડીમાંથી માળી ગણેશ બહાર દોડી આવ્યો અને બોલ્યો,
-સાયેબ, એ મારો ભાણો છે, બબલુ. મારી બેનનો દિકરો, ગામડે રહે છે. ઇસ્કુલમાં  વેકેશન છે એટલે મારા બનેવી કાલે રાતના જ એને મારે ઘરે મૂકી ગિયા છે. થોડા દાડા રેશે ને ઈસ્કુલ ચાલુ થશે એટલે હું એને પાછો મૂકી આવીશ.  એણે બેબી બેનને  હેરાન કઈરા કે?
-માળીકાકા, એ મારા પતંગિયા ને પકડે છે, એને ના કહી દો ને. નીલિમા બોલી.
બબલુ, પતંગિયાને પકડવાનું નઈ, ફૂલો પણ નઈ તોડવાના, હમઈજો?
બબલુએ હકારમાં ડોકું ધુણાવ્યું અને ઘરની પાછળ આવેલી ઓરડી તરફ ભાગી ગયો. માળી ગણેશે કહ્યું,
-બેબીબેન, હવે એ પતંગીયું નઈ પકડે. બબલુ તો છોકરું છે, એને માફ કરી દો, સાયેબ. માળીએ રોમેશભાઈ સામે હાથ જોડી માફી માંગતા કહ્યું.
-ઠીક છે, પણ એને કહી દેજે બીજીવાર આવું ન કરે.
કહીને રોમેશભાઈ નીલિમાને લઈને ઘરમાં જતા રહ્યા. નીલિમાએ જતા જતાઓટલા પરથી  દુધનો ગ્લાસ લઇ લીધો.
બપોરે નીલિમાએ ઘરની બારીમાંથી જોયું તો બબલુ ઘરની પાછળ આવેલા વાડામાં એક નાનકડુ સર્કલ કરીને લખોટી ઓ રમી રહ્યો હતો. નીલિમા તો મોબાઈલ પર કાર રેસિંગ, બોટલ શૂટ રમતી. વિડીઓ પર જાત જાતની રમતો રમતી. ઘરના કમ્પાઉંડ મા કે સોસાયટીમાં સાઈકલ ચલાવતી.પણ એ બધી રમતો રમી રમીને એ ઘણીવાર કંટાળી જતી, બોર થઇ જતી. ત્યારે મમ્મી પપ્પા આગળ  એ ગાર્ડનમાં લઇ જવા કે થીયેટરમાં ફિલ્મ જોવા લઈ જવાની જીદ પકડતી. એને બબલુની  લખોટીની આ નવી જાતની રમતમાં મઝા પડી.
-એય, શું કરે છે? એ બબલુની પાસે પહોચી અને પૂછ્યું.
-જોતી નથી, લખોટી રમું છું. બબલુએ અકડીને જવાબ આપ્યો.
-મને રમાડીશ?
-તને રમતા આવડે છે?
-આવડતું તો નથી, પણ તું શીખવાડશે તો હું શીખી જઈશ.
-હું શું કામ તને શીખવું? તું તો મને પતંગીયું પકડવા નથી દેતી. બબલુએ મો ફુલાવીને કહ્યું.
-મારા પપ્પાએ કહ્યું હતું કે પતંગીયું નાજુક હોય,એને પકડીએ તો એ મરી જાય. એટલે એને પકડવું જોઈએ નહિ.
-સારું, નહિ પકડું. પણ તારી પાસે લખોટીઓ છે?
-ના, અત્યારે તું મને લખોટીઓ આપ. પછી હું મારા પપ્પા પાસે મંગાવી લઈશ.
-હારી જાય એટલી લખોટી તારે મને આપવી પડશે.
-ભલે, આપી દઈશ, બસ? હવે તો મને શીખવાડ.  અને બબલુએ એને લખોટી રમતા શીખવ્યું.
એ સાંજે રમતા રમતા બબલુ નો બોલ કંપાઉંડની બહાર જતો રહ્યો. એ બોલ લઈને પાછો આવ્યો અને દરવાજો બંધ ન કર્યો, એ જોઇને નીલિમાએ એને કહ્યું,
-બબલુ, કંપાઉંડ નો દરવાજો બંધ કર નહીતર અર્જુન

બહાર જતો રહેશે.
-અર્જુન? અર્જુન કોણ?
-અમારો કાચબો.
-કાચબો? ક્યાં છે કાચબો?
-જો, ત્યાં મોગરાના ઝાડની નીચે છુપાઈને બેઠો છે.
-અરે વાહ, સરસ છે, આટલો મોટો કાચબો ક્યાંથી લાવ્યા?
-મારા અંકલે મારી બર્થડે પર મને ગીફ્ટ આપ્યો છે.
-હું એને રોટલી ખવડાવું?
-ના, એ ગાજર – કાકડી જ ખાય છે. અહી જ ગાર્ડન માં જ રહે છે. પણ બહાર જતો ન રહે તે માટે ધ્યાન રાખીને દરવાજો બંધ રાખવો પડે છે. મારા પપ્પા આજે જ દરવાજાને 'ડોર ક્લોઝર' મુકાવાવાના જ છે.
-એ શું હોય?
-કોઈ દરવાજો ખોલીને અંદર આવે કે જાય તે પછી એનાથી ઓટોમેટીક દરવાજો બંધ થઇ જાય.
-તો તો સારું. અર્જુન બહાર જાય જ નહિ. બબલુ ને તો અર્જુનને જોવાની અને સાથે રહેવાની મજા પડી ગઈ. બબલુએ નીલિમાને લખોટી- ગીલ્લી ડંડા રમતા અને ભમરડો ચલાવતા શીખવ્યું. નીલિમાએ એને દોરડા કુદ અને પગલા ની રમત શીખવી. પછી તો બન્ને સારા દોસ્ત બની ગયા.ઘરમાં બોર થતી નીલિમાને હવે ખુશ રહેતી જોઇને એના મમ્મી પપ્પા પણ ખુશ થયા.
-તને તરતા આવડે છે? બબલુએ એક દિવસ નીલિમાને પૂછ્યું.
-તરતા એટલે સ્વીમીંગ જ ને? નથી આવડતું. પણ મમ્મી મને સ્વીમિંગ નાં કલાસીસ માં લઇ જશે, પછી મને તરતા આવડી જશે. નીલિમાએ કહ્યું.
-તમારા ગામમાં સ્વીમીંગપુલ છે? નીલિમાએ પૂછ્યું.
-ના,પણ એક નાની નદી છે. પહેલા તો શીખવા માટે અમે પેટ પર ડબ્બા બાંધીને તરતા. હવે તો મને ડબ્બા બાંધ્યા વગર જ તરતા આવડી ગયું છે. ત્યાં ગામમાં મારા ઘણા દોસ્તો છે. અમે બધા તો પથ્થર પરથી ઊંચેથી નદીમાં ભૂસકા પણ મારીએ અને વડનાં ઝાડની ડાળીએ લટકીને પાણીમાં પડીએ, બહુ મઝા આવે. તમારે ત્યાં નદી છે?
-મારા પપ્પા મને અહી અમદાવાદમાં કાંકરિયા તળાવ માં બોટિંગ કરવા લઇ ગયેલા, ત્યારે મને બહુ મઝા આવેલી.
-બોટિંગ એટલે?
-બોટિંગ એટલે હોડીમાં બેસીને તળાવમાં ફરવાનું. બોટ એકદમ ફાસ્ટ ચાલે એટલે પાછળ પાણીનો ફુવારો ઉડે તે જોવાની મઝા પડે. ત્યાં અમે નાનકડી ટ્રેનમાં બેસીને આખા કાંકરિયા ગાર્ડન નો આંટો મારેલો.
-ગાર્ડનમાં ટ્રેન કેવી રીતે ચાલે?
-પાટા પર ચાલે. સાઈકલને પૈડા હોય એમ ટ્રેન ને પણ પૈડા હોય, પણ સાઈકલ કરતા એ ફાસ્ટ ચાલે. ટ્રેનમાં એન્જીન ની સાથે ઘણા ડબ્બા જોડેલા હોય, ડબ્બામાં આપણે બેસવાનું. કાંકરિયા ગાર્ડનમાં તો એક 'બાળ વાટિકા' પણ છે, એમાં જાત જાતના અરીસા છે. એમાં આપણે જાડા –પાતળા- ઊંચા દેખાઈએ. ભૂલ ભુલામણી છે, એમાં રસ્તો શોધતા આપણે જ ખોવાઈ જઈએ. અને 'એર બલુન' માં બેસીએ તો ઉંચે આકાશમાં જવાય, ત્યાંથી આખું કાંકરિઆ તળાવ અને આજુ બાજુના મકાનો અને રસ્તાઓ દેખાય. અને 'ઝૂ' માં તો વાઘ – સિંહ – મગર – ચિત્તા –સાપ ને એવા બધા પ્રાણીઓ જોવા મળે.
-એવા પ્રાણીઓ તો જંગલમાં હોય, અહી હોય તો આપણને ફાડી જ ખાય ને?
-ના, એમને પિંજરામાં પૂરેલા હોય, આપણે બહારથી જોવાના એટલે આપણને કઈ નહિ થાય.
-અમારા ગામમાં તો ગાય –ભેસ- બકરી-ગધેડા એવા પ્રાણીઓ જોવા મળે.
-તુ કોઈ દિવસ જંગલમાં ગઈ છે? બબલુએ નીલિમાને પૂછ્યું.
-નાં, પણ હું મુબઈ મારા મામાને ઘરે ગયેલી ત્યારે મારા મામા મને મોલમાં એક જંગલની રાઇડમાં લઇ ગયેલા.
-રાઈડ એટલે?
-રાઈડ એટલે ચકડોળ કે હીચકા જેવું સાધન હોય. એમાં આપણને બેલ્ટ પહેરાવીને બેસાડે, ચશ્માં પહેરાવે અને પછી ઊચે ને આગળ લઇ જાય. એમાં જંગલમાંથી પસાર થતા હોઈએ એવું લાગે. મોટા મોટા ઝાડ હોય, અંધારું હોય, એમાં વાઘ, સિંહ, સાપ જેવા પ્રાણીઓ આવે, વાંદરાઓ ઝાડની ડાળીઓ પર લટકીને એક ડાળીથી બીજી ડાળી કુદાકુદ કરતા હોય. પછી અચાનક વરસાદ આવે, આપણા પર પણ થોડાં ટીપાં પડે. પછી અચાનક દરિયા પરથી પસાર થવાનું આવે, પછી આકાશ દેખાય, એમાં સુરજ – ચાંદો અને તારા દેખાય. બહુ મજાની રાઈડ હતી. મારા મામા તો મને જુહુ નાં દરિયા કિનારે બીચ પર પણ ફરવા લઇ ગયેલા, ત્યાં શેકેલી મકાઈ ખાધેલી અને નાળીયેર પાણી પીધેલું.
-હું પણ મારા ગણેશ મામાને કહીશ તો એ મને કાંકરિયા લઇ જશે. બબલુ ઉત્સાહથી બોલ્યો.
-હું પણ તારી સાથે આવીશ. નીલિમાએ કહ્યું.

-પણ તું તો કહે છે ને કે તે બધું જોયું છે.
-તો શું થયું, હું ફરીથી બધું જોઇશ. મારા પપ્પાને કહીશ તો એ કારમાં કાંકરિયા ફરવા લઇ જશે.
-મને પણ લઇ જશે?
-હા, હું કહીશ તો તને પણ લઇ લેશે.
-નીલુ બેટા, વેકેશન પૂરું થવાના હવે બે જ દિવસ બાકી રહ્યા છે. તારું બાકી રહેલું હોમવર્ક કરી લે, પછી રમવા જજે.
નીલિમાની મમ્મીની બુમ સંભળાઈ. એટલે નીલિમાએ મમ્મીને કહ્યું,
-મમ્મી, બસ થોડી જ વારમાં આવું છું.
-મને હોમવર્ક કરવાનું અને સ્કુલે જવાનું જરા પણ ગમતું નથી. નીલિમાએ બબલુ ને કહ્યું.
-કેમ નથી ગમતું? બબલુએ પૂછ્યું.
-અમારા ટીચર બહુ કડક છે. મને જરાપણ ગમતા નથી. તને સ્કુલે જવાનું ગમે છે?
-હા, મને તો સ્કુલે જવાનું અને ભણવાનું બહુ જ ગમે છે. હું તો ઘણું ભણીશ, અને મોટો સાહેબ થઈશ, પછી ઓફિસમાં બેસીને કામ કરીશ. પછી તો હું ઘણા બધા રૂપિયા કમાઈશ.
-ઘણા બધા રૂપિયા કમાઈને તું શું કરીશ?
-હું ઘણા રૂપિયા કમાઈ ને મારા બાપુ અને મામાને આપીશ, પછી મારા બાપુને ઘરકામ અને મામાને માળીકામ નહિ કરવું પડે. જેની પાસે ભણવા માટે પૈસા નહિ હોય એવા છોકરાઓને હું ભણવા માટે પૈસા આપીશ. જેમની પાસે દવા કરાવવાના પૈસા નહિ હોય એવા માંદા માણસોને હું એમના ઈલાજ માટે પૈસા આપીશ. કામ કાજ નહિ કરી શકતા ઘરડા માણસોને રહેવા અને જમવાના પૈસા પણ આપીશ, જેથી તેઓ આરામથી રહી શકે.
-અરે વાહ બબલુ, મને ખબર જ નહોતી કે ભણવાથી આવા ફાયદા થાય છે. હવે તો હું પણ હવે બરાબર ભણીશ. ચાલ ત્યારે હું હોમવર્ક કરવા જાઉં.

## શ્રી પંચોલી સમાજ-સંખેડા
## નિમંત્રણ

તા. ૧૭.૦૫.૨૦૧૭ને બુધવારના રોજ સંખેડાની નવનિર્મિત વાડીનું વાસ્તુ પૂજન સવારે ૮.૩૦ કલાકે રાખવામાં આવ્યું છે. જેમાં

**પૂજા પ્રારંભ :** સવારે ૮.૩૦ કલાકે

**સવારનું ભોજન :** ૧૧.૩૦ કલાકે

**શ્રીફળ હોમવાનો સમય :** સાંજે ૫.૩૦ કલાકે

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, દરેક એકમો, મહિલા મંડળો તથા યુવા સંગઠનના પ્રમુખ/મંત્રીશ્રીઓન પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ..

નિમંત્રક : ચંદ્રકાંતભાઇ પંચોલી તથા સંખેડા એકમના જ્ઞાતિજનો..

**મળેલ દાન :**

૧૧,૦૦૦ સ્વ. પંચોલી મુકુંદભાઇ હીરાલાલ ના સ્મરણાર્થે જાગૃતિબેન જયરામભાઇ પંચોલી તરફથી મળ્યા.

૧૧,૦૦૦ જ્યોતિબેન શશીકાંતભાઇ પંચોલી-વડોદરા

૭૬,૦૦૦ નિરંજનાબેન ગોવિંદલાલ પંચોલી- સંખેડા

વાડીના બાંધકામમાં રૂા. ૫,૦૦,૦૦૦ની જરૂર હોય દરેક એકમના પ્રમુખ/મંત્રીશ્રીઓએ એકમમાંથી સહાય ભેગી કરી આપવા વિનંતી...

## અનુકરણિય



અંકલેશ્વર(ચીખલી) નિવાસી શ્રીમતિ સ્નેહાબેન તથા શ્રી પારસકુમાર મનુભાઇ મિસ્ત્રીએ લગ્નજીવનના તા. ૨૪.૦૪.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા..તે નિમિત્તે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧૧,૦૦૦/- વિધવા સહાયમાં ભેટ આપ્યા છે...
રૂા. ૧,૦૦૦/- પંચોલી નવયુગને ભેટ આપ્યા છે.
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને પંચોલી નવયુગ આભાર માને છે...

## દેવના દિધેલ



છોટાઉદેપુર નિવાસી શ્રી નિરવકુમાર જયેશભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. રીષભ'નો જન્મ તા. ૧૩.૦૪.૨૦૧૭ ના રોજ થયો

માતા : દિપીકાબેન

# સંસ્થા સમાચાર

**શ્રી પંચોલી સેવા સમાજ છોટાઉદેપુર**

તા. ૦૩.૦૪.૨૦૧૭ને સોમવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે છોટાઉદેપુર પંચોલી સેવા સમાજની સામાન્ય સભાની એક મિટિંગનું આયોજન શ્રી હરીવદન ઓચ્છવલાલ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવ્યુ હતું. જેમાં ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં.

વર્ષ ૨૦૧૬ના વર્ષ દરમ્યાન ચૈત્ર સુદ (આઠમ)ની ઉજવણી કરી હતી. તેમાં થયેલ ખર્ચને મંજુર રાખી મિટિંગમાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ

અગાઉના વર્ષોમાં પોષ્ટ ઓફિસમાં એફ.ડી. મુકેલ જેની મુદત પૂર્ણ થતાં વ્યાજ સહિત નાણાં આવેલ જેની માહિતી સમાજના સર્વે જ્ઞાતિજનોને જણાવેલ. સદર નાણાં બેંકમાં વિશાલકુમાર ભુપેન્દ્રભાઇ પંચોલી તેમજ વિજયભાઇ મફતભાઇ પંચોલીના નામનું સંયુકત ખાતુ ખોલાવી નાણાં જમા કરાવવાનો ઠરાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

અગાઉ પંચોલી જયેશભાઇ ઓચ્છવલાલ પંચોલી સેવા સમાજ છોટાઉદેપુર ખાતે ખજાનચી તરીકે સેવા બજાવી રહ્યા હતાં પરંતુ તેઓએ સ્વૈચ્છીક રાજીનામુ આપતાં તેમના હોદ્દા પર ઉર્વીશકુમાર હરીવદનભાઇ પંચોલીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

મુકેશભાઇ નગીનભાઇ પંચોલી સમાજમાં શ્રી પંચોલી સેવા સમાજ છોટાઉદેપુરના મંત્રી તરીકે સેવા આપી રહ્યા હતાં તેમણે પણ હોદ્દા પરથી સ્વૈચ્છિક રાજીનામુ આપતા તેમના હોદ્દા પર દિલીપભાઇ મફતભાઇ પંચોલીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

છોટાઉદેપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મીનાક્ષીબેન વિજયભાઇ પંચોલી પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપતા તેમના હોદ્દા પર પંચોલી અલ્પાબેન ઘનશ્યામભાઇ પંચોલી ઠે. નિર્મળ સોસાયટી, છોટાઉદેપુરની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ..

પંચોલી દિપીકાબેન મનિષભાઇ પંચોલીએ મંત્રી પદેથી સ્વૈચ્છિક રાજીનામુ આપતા મંત્રી તરીકે હિરલબેન વિશાલભાઇ પંચોલીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી.

નવિન નિમણૂંક કરેલ ભાઇઓ/બહેનોને તેજ દિવસથી સમાજમાં કામગીરી કરવા જણાવેલ અને તેઓએ ઉત્સાહ સાથે સમાજ આગળ વધે, સમાજ પ્રગતિ કરેં અને સમાજના હિતમાં જે કોઇ હશે સાથે મળીને કામ કરવાની ટેક લીધી. સૌએ અભિનંદન આપ્યા.

વધુમાં પ્રમુખશ્રીએ જણાવેલ કે તા. ૪.૪.૨૦૧૭ને મંગળવારના રોજ જગનાથ મંદિરે ચૈત્ર સુદ આઠમનો હવન અને મહાપ્રસાદીનું આયોજન કરેલ છે તો તેનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનો તથા તેમને ત્યાં આવેલ મહેમાન સહિત પધારવાનું આમંત્રણ છે.

યજ્ઞની ઉજવણી માટે જ્ઞાતિજનો તરફથી રાજીખુશીથી દાન મળ્યુ હતું તે નીચે મુજબ છે.

૨૦૦૧ વિઠ્ઠલભાઇ છીતાભાઇ પંચોલી
૨૦૦૧ વિજયકુમાર મફતલાલ પંચોલી
૨૫૦૧ ભીખાભાઇ પરસોત્તમભાઇ પંચોલી
૧૧૧૧ જયેશભાઇ ઓચ્છવલાલ પંચોલી
૧૫૦૧ રમેશચંદ્ર મોહનલાલ પંચોલી
૧૧૧૧ સતિષભાઇ વાડીલાલ પંચોલી
૧૦૦૧ દિલીપભાઇ મફતલાલ પંચોલી
૧૦૦૧ નરેન્દ્રભાઇ રમણલાલ પંચોલી
૧૧૦૦ અતુલભાઇ ઓચ્છવલાલ પંચોલી
૧૧૦૦ ગોવિંદલાલ અંબાલાલ પંચોલી
૧૦૦૧ રમેશચંદ્ર હસમુખલાલ પંચોલી
૧૧૦૦ કિશોરભાઇ ઓચ્છવલાલ પંચોલી
૧૧૦૦ વિશાલકુમાર ભુપેન્દ્રભાઇ પંચોલી
૭૦૧ વિઠ્ઠલભાઇ અંબાલાલ પંચોલી

૫૦૧ મુકેશભાઇ નગીનભાઇ પંચોલી
૫૦૧ સુભાષભાઇ રમણલાલ પંચોલી
૫૦૧ દિલીપભાઇ ચંદુલાલ પંચોલી
૫૦૧ નારણભાઇ રસિકલાલ પંચોલી
૫૦૧ રાજુભાઇ સુમનભાઇ પંચોલી
૩૫૧ બળદેવભાઇ પરસોત્તમભાઇ પંચોલી
૨૫૧ ચંદ્રકાંતભાઇ નગીનભાઇ પંચોલી
૧૦૧ શારદાબેન નગીનભાઇ પંચોલી
૧૦૧ અરવિંદભાઇ ગણપતલાલ પંચોલી
૨૫૧ અરવિંદભાઇ વાડીલાલ પંચોલી

અંતમાં સર્વે જ્ઞાતિ ભાઇઓ/બહેનોનો પ્રમુખશ્રીએ આભાર માની અલ્પાહાર લઇ સૌ છૂટા પડયા. મિટિંગની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ..

## શ્રી પંચોલી સમાજ-અમદાવાદ

હરિ ૐ સત્સંગ મંડળ અમદાવાદના ઉપક્રમે પૂ. શ્રી મોટા જીવન-કવન વકૃત્વ સ્પર્ધા. ગાંધીનગર દેલવાડાની પ્રાથમિક શાળામાં યોજાઇ. ૪૦ જેટલા સ્પર્ધકો રહ્યા. ઉત્તિર્ણને ઇનામ વિતરણ અને મુખ્ય મહેમાન શ્રી જય પંચોલીએ સુંદર ઉદ્દબોધન કર્યુ.

૭ એપ્રિલ શુક્રવારે, વડોદરા, આકૃતિ આર્ટ ગેલેરી, કિર્તિ મંદિર ઉસ્માન શેખ અને રેખા ગાંધી, પાદરાના ચિત્ર પ્રદર્શનનું ઉદ્દઘાટન સુશ્રી રાજમાતા શુભાંગીદેવીના વરદ હસ્તે થયું. અતિથિવિશેષ શ્રી જય પંચોલીએ પ્રતિભાવ આપ્યો.

૯ એપ્રિલ રવિવારે અમદાવાદ લૉ ગાર્ડન આર્ટ ગેલેરી સ્વપ્નીલ આચાર્યાનું 'ગલીમ્પેસીસ ઓફ કમ્બોડિયા' ના ફોટોગ્રાફનું પ્રદર્શન યોજાયું શ્રી જય પંચોલી ઉદ્દઘોષક તરીકે હતાં. મનનીય પ્રવચનથી શુભેચ્છાઓ આપી.

'પેનોરમા' ચિલ્ડ્રન આર્ટ એકઝીબીશન ૧૫ એપ્રિલના રોજ હઠેસિંગ વિઝયુઅલ આર્ટ સેન્ટરમાં યોજાયું. શ્રી જય પંચોલીએ મનનીય વ્યકતવ્ય આપી બાળ કલાકારોને સંબોધ્યા.

'નર્ત' શ્રી પ્રશાંત પટેલનાં ચિત્રોનું પ્રદર્શન, અમદાવાદ ની ગુફામાં તા. ૧૮.૦૪.૨૦૧૭. યોજાયુ.. કલાગુરૂ શ્રી જય પંચોલીને 'ગુરૂવંદના' હેઠળ શાલ-પુસ્તક અને સુતરની આંટીથી સન્માન્યા.. ઉદ્દઘોષક તરીકે ૧૦૦ જેટલા કલાકારો-રસિકોની હાજરીમાં, સભા સંચાલન... પંચોલી સમાજ અમદાવાદ ગૌરવની લાગણી અનુભવે

## શ્રી પંચોલી સમાજ-વડોદરા

રાજેશકુમાર રણછોડદાસ પંચોલી તરફથી શ્રી પંચોલી સમાજ વડોદરાને વર્ષના ૫૦૦ની પાંચ વર્ષની શૈક્ષણિક સહાય યોજનામ પાંચ વર્ષના એકી સાથે રૂા. ૨૫૦૦/- આપ્યા છે.... દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર...

## શ્રી પંચોલી સમાજ-કવાંટ

પંચોલી સેવા સમાજ કવાંટની એક મિટિંગ માજી પ્રમુખ શ્રી વિનોદભાઇ અંબાલાલ પંચોલીના નિવાસ સ્થાને સમાજની ત્રિમાસિક સભા યોજાઇ હતી જેમાં સમાજના બધા જ આગેવાનો, વડિલો તથા યુવાનો સહિત સૌ હાજર રહ્યા હતાં.

ચર્ચામાં લીધેલ મુદ્દાઓ..

આગામી ચૈત્રમાસમાં 'નવચંડી હવન' નું આયોજન કરવું. આગામી વેકશન દરમ્યાન તેજસ્વી તારલાઓનું સન્માન તથા નવિન મહિલા મંડળની રચના કરવી..

ચર્ચાવિચારણાને અંતે ચૈત્ર માસમાં કવાંટમાં આવેલ શ્રી અંબેમાતાના મંદિરમાં તા. ૧૪.૪.૨૦૧૭ના રોજ આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું. ગામના યુવાનો તથા ઉત્સાહી કાર્યકર શ્રી અજયભાઇ ગોપાલભાઇ પંચોલીના યજમાન પદે યજ્ઞ કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. ઘર દીઠ રૂા. ૫૦૧/-

ફાળો લેવાનું નકકી કરવામાં આવ્યું. કવાંટ ગ્રામપંચાયતની ચૂંટણીમાં સમાજના ઉપપ્રમુખ શ્રી બિરજભાઇ કનુભાઇ પંચોલીના ધર્મપત્ની શ્રીમતિ પૂર્વીબેન બિરજભાઇ પંચોલી વોર્ડ સભ્ય તરીકે વિજેતા થયા. તેમનું જ્ઞાતિજનોને તાળીઓથી વધાવી અભિવાદન કર્યુ.

સમાજને મળેલ ભેટ
૫૦૧ વિનોદભાઇ અંબાલાલ પંચોલી-શુભ લગ્ન પ્રસંગે
૨૫૧ ચંદ્રકાંતભાઇ દલસુખભાઇ પંચોલી-લગ્ન પ્રસંગે
૧૦૦૧ બિરજકુમાર કનુલાલ પંચોલી-ગ્રામપંચાયતમાં સભ્ય બન્યા તે નિમિત્તે..
૫૦૧ જયેશભાઇ રણછોડદાસ પંચોલી-નૂચન ગૃહપ્રવેશ
૫૦૧ રતનલાલ શનાલાલ પંચોલી-નૂતન ગુહપ્રવેશ
૧૦૧ જીગર મહેન્દ્રભાઇ પંચોલી-ચૌલક્રિયા પ્રસંગે
૧૦૧ મિતેશકુમાર ભૂપેન્દ્રભાઇ પંચોલી નવી દુકાન શરૂ કરી તે નિમિત્તે..
મિટિંગને અંતે આજની મિટિંગની સુંદર વ્યવસ્થા કરવા બદલ વિનોદભાઇ પરિવારનો તથા દાતાઓનો પ્રમુખશ્રી અલ્પેશભાઇએ આભાર વ્યકત કર્યો. અંતમાં અલ્પાહાર અને ચ્હાને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૪.૦૪.૨૦૧૭ના રોજ કવાંટ નગર સ્થિત અંબેમાતાના મંદિરમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. સવારે ૯.૦૦ કલાકથી સર્વે જ્ઞાતિજનો ઉત્સાહભેર યજ્ઞમા ભાગ લેવા હાજર થઇ ગયા. ધાર્મિક મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞની શુભ શરૂઆત કરવામાં આવી. સાંજે ૫.૦૦ કલાકે શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી. સૌ જ્ઞાતિજનોએ આરતી અને પ્રસાદનો લાભ લીધો. સાંજે ૭.૦૦ કલાકે ગ્રામજનો સમૂહમાં મહાપ્રસાદ લીધો..

સમાજના યુવાનો અને ઉત્સાહી કાર્યકરોએ યજ્ઞની સામગ્રી, ફરાસખાનુ તથા ભોજન અને પ્રસાદની સુંદર વ્યવસ્થા કરી હતી.. વડિલોએ આ કાર્યને બિરદાવ્યું હતું. અંતમાં અલ્પેશભાઇએ આભાર વ્યકત કર્યો.

### પંચોલી પંચ-અજરાઈ

શ્રી પંચોલી પંચ અજરાઇની મિટિંગ તા. ૧૪.૦૩.૨૦૧૭ને સોમવારના દિવસે બપોરે ૩.૦૦ કલાકે જયંતિભાઇ નાથુભાઇ મિસ્ત્રીના નિવાસસ્થાને મળી. જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ના હિસાબો રજુ કરવામાં આવ્યા તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. આગામી બે વર્ષના પ્રમુખ તરીકે શ્રી જીતેન્દ્રભાઇ ખંડુભાઇ મિસ્ત્રી તથા મંત્રી તરીક શ્રી જયંતિભાઇ નાથુભાઇ મિસ્ત્રીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

# મહિલા સમાચાર

### તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા

તા. ૯.૪.૨૦૧૭ના રોજ વાઘોડિયારોડ વૈકુંઠ સોસાયટી વડોદરા ખાતે તેજસ્વીની મહિલા મંડળની એક મિટિંગ મળી. આજરોજ કપલ મિટિંગ રાખી હોવાથી સૌ સજોડે પધાર્યા હતાં. સૌ કપલોનું પ્રમુખશ્રી સુરેખાબેન તથા નીમાબેને સ્વાગત કરી આવકાર્યા. કોલ્ડ ડ્રીંકસથી સૌનું સ્વાગત કર્યુ. સમાજના નામી અનામી દિવંગતોને શ્રદ્ધાંજલી આપી. ચિ. દિશાએ લકી ડ્રો કર્યો.. જેમાં જયોત્સનાબેન વિનર થયા. ચૈત્ર માસની ચૈત્રી નવરાત્રી નિમિત્તે વિશ્વંભરીની સ્તુતિ તથા શંભુ ચરણે પડી ગાઇ ઓખાહરણનું વાંચન કર્યુ. નીમાબેને ગેમ કુલ ત્રણ ગેમ રમાડી તથા જેન્ટસ માટે સરપ્રાઇઝ ગેમ રમાડી જેમાં અશ્વિનભાઇ વિનર થયા. પ્રથમ ગેમના વિજેતા પ્રથમ આનંદીબેન અને દ્વિતીય હર્ષાબેન.. બીજી ગેમના પ્રથમ વિજેતા પ્રીતિ જય પંચોલી તથા દ્વિતીય જયોતિબેન એસ. વિજેતા થયા. ઉપરોકત ગેમના

નિર્ણાયક તરીકે શ્રીમતિ અર્ચનાબેન તથા કુ. દિશાએ સેવા આપી હતી.

કપલ સાથે હાઉસી ગેમ પણ રમ્યા. હવે પછીની મિટિંગ નીતાબેન એસના ઘરે રાખવાનું નકકી કરવામાં આવ્યું. નીમાબેન પરિવારનો આભાર માન્યો.. આજની મિટિંગમાં હાજર રહેલ ભાઇઓનો પણ આભાર વ્યકત કર્યો અને આવી વારંવાર કપલ મિટિંગ યોજાય એવી ઇચ્છા દર્શાવી. અંતમાં સુંદર ભોજન અને રાજસ્થાની કુલ્ફીને ન્યાય આપી છુટા પડયા.

૧૦૦ જયોતિબેન એસ. બર્થડે નિમિત્તે

૧૦૦ જયોત્સનાબેન તરફથી બર્થડે નિમિત્તે..

દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર....

## શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇ

તા. ૪.૪.૨૦૧૭ને મંગળવારે શ્રી પંચોલી સેવા સમાજ-શ્રી પંચોલી ભગીની સમાજ તથા યુવા મંચ આવિષ્કાર ગૃપના સથવારે સૂર્યનારાયણ વાડીમાં રામનવમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. હવન વિધિ પાંચ યુગલોના વરદ હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. આ સાથે જ માજી પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ પંચોલીના માર્ગદર્શન સાથે વોકાર્ડ હાર્ટ હોસ્પિટલના સથવારે મેડીકલ ચેક-અપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં સમાજના ઘણાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રી પંચોલી ભગીની સમાજના સભ્ય જાગૃતિબેન મહેતા તરફથી હિનાબેન એચ. શાહ અને તેની ટીમ દ્વારા એકયુપ્રેસર થેરેપીની સેવા આપવામાં આવી હતી. તગા ગીતાબેન જતીનભાઇ મિસ્ત્રી તરફથી બ્યુટી ડેમો આપવામાં આવ્યો હતો. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પ્રમુખ શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી તથા આજના દિવસના અધ્યક્ષા શ્રીમતિ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી દ્વારા સૌનું સન્માન કરવામાં આવ્યું. શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ પ્રતિમાબેને સર્વાનુમતે પ્રમુખપદ શ્રીમતિ અનુરાધા ચેતનભાઇ કાપડિયાને સોપ્યુ તથા તેમનું સ્વાગત કર્યુ. બપોરે સ્વાદિષ્ટ ફરાળી ભોજનનો આનંદ માણ્યો.

આજના પ્રસંગે મળેલ દાન....

૧૫૦૦ શ્રીમતિ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી - અધ્યક્ષા સ્થાનેથી

૫૦૧ ઇલાબેન રજનીકાંત પંચોલી

૨૦૧ નારીરત્ન હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી

૫૦૧ શ્રીમતિ અનુરાધાબેન મુકેશભાઇ પંચોલી

૫૦૧ શ્રીમતિ ગીતાબેન જતિનભાઇ મિસ્ત્રી

૨૦૧ શ્રીમતિ મીનાબેન પ્રવિણભાઇ મિસ્ત્રી

૧૦૧ શ્રી જયંતભાઇ નારણદાસ મિસ્ત્રી

૧૦૧ શ્રીમતિ નીતાબેન દિપકભાઇ પંચોલી

૧૦૧ શ્રીમતિ ધર્મિષ્ઠાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી

૧૦૧ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી

૧૦૫ શ્રીમતિ રેશ્માબેન કલ્પેશભાઇ મિસ્ત્રી

નિભાવ ફંડ

૧૧૧૧ શ્રીમતિ રેશ્માબેન કલ્પેશભાઇ મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ જયોતિબેન મિતેષભાઇ પંચોલી

૧૧૧૧ શ્રીમતિ સંગીતાબેન કૌશિકભાઇ પંચોલી

૧૧૧૧ શ્રીમતિ તેજલ કેતનભાઇ મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ રેશ્માબેન કુંતલભાઇ પંચોલી

૧૧૧૧ શ્રીમતિ પ્રજ્ઞાબેન એમ. મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ ખ્યાતિબેન નિલેશભાઇ મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ નૂપુર કૃણાલભાઇ મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ રીટાબેન કૃષ્ણકાંત પંચોલી

૧૧૧૧ શ્રીમતિ પલ્લવી દિપકભાઇ પંચોલી

૧૧૧૧ શ્રીમતિ ઇન્દિરાબેન રાજેન્દ્રભાઇ મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી

૧૧૧૧ શ્રીમતિ બિનીતા બ્રિજલ મિસ્ત્રી

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૫.૦૪.૨૦૧૭ના રોજ સોનલબેન મનોજભાઇ પંચોલીના નિવાસ સ્થાને મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. મિટિંગની શુભ શરૂઆત

પ્રાર્થનાથી કરવામાં આવી.

પ્રથમ ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા જેમાં ૫૦ વર્ષની ઉપરનામાં મીરાબેન મિસ્ત્રી અને ૫૦ વર્ષથી નીચેમાં બિનીતાબેન અને જાગૃતિબેન સંજયભાઇ વિજેતા થયા. આ માસમાં આવતી બર્થડે અને મેરેજએની વર્સરી ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વિજેતાબેનોને ઇનામો આપી નવાજ્યા. આજરોજ ડબ્બા પાર્ટીનું આયોજન નકકી કર્યુ હોય દરેક બહેનો પોતાના ઘરેથી સુંદર નાસ્તાઓ બનાવી લાવ્યા હતાં.. ત્યારબાદ સર્વેએ સમૂહમાં ડબ્બાપાર્ટીની મોજ માણી હતી.

આગામી મિટિંગ તા. ૭.૫.૨૦૧૭ના રોજ મીરાબેનના નિવાસ સ્થાને રાખવાનું નકકી કરવામાં આવ્યું.

રૂા. ૨૫૦ સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રી તરફથી લગ્નજીવનની ૨૫મી એનીવર્સરી નિમિત્તે.

રૂા. ૫૧/- હેતલબેન નિમેષભાઇ મિસ્ત્રી તરફથી મેરેજ એનીવર્સરી નિમિત્તે મળ્યા.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૬.૦૩.૨૦૧૭ના રોજ જલવાટીકા ખાતે પ્રગતિ મહિલા મંડળની ગાર્ડન મિટિંગ રાખવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતિ બેલાબેને સર્વે બહેનોને આવકાર્યા. મિટિંગની શરૂઆત શ્લોકગાન સાથે કરવામાં આવી.

સ્વ. મહેશભાઇ તથા સ્વ. વજુભાઇ પંચોલીના આત્માને શાંતિ અર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. ખજાનચી શ્રીમતિ રંજનબેને શિઘ્રવર્તન સ્પર્ધા તથા વન મિનિટ ગેમ રમાડી. વનમિનિટ ગેમમાંપ્રથમ શ્રીમતિ બેલાબેન મનિષભાઇ પંચોલી તથા શિઘ્રવર્તન સ્પર્ધામાં પ્રથમ શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલી તથા દ્વિતીય અલ્પાબેન નિલેશભાઇ પંચોલી વિજેતા બન્યા. બેલાબેને રમાડેલ સરપ્રાઇઝ ગેમના વિજેતા આનંદીબેન બન્યા. સમાજ સુરક્ષાના સભ્યો બનાવવા બાબત ચર્ચા કરી. આવતા માસની મિટિંગ તા. ૧૬.૦૪.૨૦૧૭ના રોજ પંચોલી વાડીમાં રાખવાનું નકકી કરવામાં આવ્યં. સર્વે બહેનોએ ડબ્બા પાટીની મઝા સાથે ચોકોબાર કેન્ડીની પણ મઝા માણી. છુટા પડયા.

રૂા. ૧૦૦ અલ્કાબેન દર્શનભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૧૬.૦૪.૨૦૧૭ના રોજ પંચોલી વાડી ખાતે પ્રગતિ મહિલા મંડળની ગાર્ડન મિટિંગ રાખવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતિ બેલાબેને સર્વે બહેનોને આવકાર્યા. શ્રીમતિ કુસુમબેનની પ્રાર્થના સાથે મિટિંગની શરૂઆત કરવામાં આવી.

સરપ્રાઇઝ ગેમ સહમંત્રી શ્રી હેતલબેને રમાડી જેના વિજેતા શ્રીમતિ બેલાબેન બન્યા. ચાલુ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી વિશ કરવામાં આવી. ઉપપ્રમુખ શ્રીમતિ પારૂલબેને સંગીત ખુરશીની રમત રમાડી. જેના વિજેતા મોનીલા વિજય પંચોલી, દ્વિતીય કુસુમબેન શાંતિલાલ પંચોલી બન્યા. આવતા માસની મિટિંગતા. ૭.૫.૨૦૧૭ના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું.

૫૧ ઇન્દિરાબેન અશોકભાઇ ગાંધી એનીવર્સરી ભેટ
૧૦૧ કુસુમબેન શાંતિલાલ પંચોલી બર્થડ.-એનીવર્સરી
૫૧ સીમાબેન સુનિલભાઇ પંચોલી-બર્થડે.

અંતમાં ખીચાને ન્યાય આપી છુટા પડયા.



પરશનબેન કિશનલાલ પંચોલી

## હેપી બર્થડે...

શ્રીમતિ પરશનબેન કિશનલાલ પંચોલીની
તા. ૧.૫.૨૦૧૭ના રોજ ૬૯મી વર્ષગાંઠ નિમિત્તે.. હાર્દિક શુભેચ્છાઓ.....

શ્રી કિશનભાઇ મગનલાલ પંચોલી
શ્રી જીગ્નેશભાઇ કિશનલાલ પંચોલી   શ્રીમતિ કિન્નરીબેન જીગ્નેશભાઇ પંચોલી
ચિ. તિર્થ - ચિ. સીયા
જબુગામ

# -: સ્ટોપ પ્રેસ :-

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત**
**શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા,આયોજીત**

## -: યુવા પરિચય મેળો :-



**તારીખ :- ૨૮.૦૫.૨૦૧૭ રવિવારના રોજ શ્રી પંચોલી જ્ઞાતિ સમાજની વાડી વ્યારા ખાતે યોજાયેલ**

**યુવા પરિચય મેળો... યુવક-યુવતિઓની વધુ એન્ટ્રી આવી ન હોવાથી**

## રદ કરવામાં આવ્યો છે...

**જેની દરેક જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી..**



## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બૅંક ઑફ બરોડાનાં સૅવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC**
**Code BARBOVYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મૉકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ ઍમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબૅંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC**
**code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## હેપી બર્થડે......



ચિ. રિવાંશી મૌલિકકુમાર
મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૨૧.૦૫.૨૦૧૬



ચિ. નવ્યા હિમાંશુકુમાર
પંચોલી-રાજપીપલા
તા. ૨૨.૦૫.૨૦૧૬



ચિ. અક્ષર અલ્પેશ
પંચોલી-કવાંટ
તા. ૨.૦૫.૨૦૧૬



ચિ.પ્રેરક અલ્પેશ
પંચોલી-કવાંટ
તા. ૧૮.૦૫.૨૦૧૭

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૦૧/-અંકલેશ્વર(ચીખલી) નિવાસી શ્રીમતિ સ્નેહાબેન તથા શ્રી પારસકુમાર મનુભાઇ મિસ્ત્રીએ લગ્નજીવનના તા. ૨૪.૦૪.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા..તે નિમિત્તે.

રૂા. ૧૦૧/- ઉધના-સુરત નિવાસી ગં.સ્વ. મંજુબેન મહેશભાઇ પંચોલી તરફથી સ્વ. મહેશભાઇ ઠાકોરભાઇ પંચોલીની તૃતીય પૂણ્યતિથિ નિમિત્તે...

રૂા. ૨૫૧/- છોટાઉદેપુર નિવાસી શ્રીમતિ દીપીકાબેન તથા શ્રી નિરવકુમાર જયેશભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. રીષભ'ના જન્મ નિમિત્તે.

રૂા. ૧૦૧/- જબુગામ નિવાસી કિશનભાઇ મગનભાઇ પંચોલી તરફથી ધર્મપત્ની પરશનબેનની ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે

## હેપી એનીવર્સરી



અંકલેશ્વર(ચીખલી) નિવાસી શ્રીમતિ સ્નેહાબેન તથા શ્રી પારસકુમાર મનુભાઇ મિસ્ત્રીએ તા. ૨૪.૦૪.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા..

સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...



નવયુગ શુભેચિંતક શ્રી સંજીવ પંચોલી વઠોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વઠોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**